## દેશમાં ગુજરાત પ્રથમ : ગુજરાત સરકારે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન અંગેની નવી નીતિ જાહેર કરી

# વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે ઓટોમેટેડ સ્ટેશન સ્થાપવા અરજદારોને સમાન તક

» વાહનોની ફિટનેસ કામગીરીમાં કેન્દ્રની જોગવાઈઓને લાગુ કરી PPP મોડલ આધારિત પોલિસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય : પૂર્ણેશ મોદી


» ટેસ્ટિંગની સંપૂર્ણ ફી સ્ટેશન સંચાલકને જ આપવાનો નિર્ણય, એક અરજદાર વધુમાં વધુ 10 સ્ટેશન સ્થાપી શકશે

**નવગુજરાત સમય** > ગાંધીનગર



પ્રતીકાત્મક તસવીર

ગુજરાત સરકારે વાહનોની ફિટનેસ અંગેની ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન બાબતે નવી નીતિ જાહેર કરી છે. આ મુજબ વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટેના ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન સ્થાપવા અરજદારોને સમાન તક અપાશે. એક અરજદાર વધુમાં વધુ ૧૦ સ્ટેશન સ્થાપી શકશે. આ ઉપરાંત ટેસ્ટિંગની સંપૂર્ણ ફી સ્ટેશન સંચાલકને જ આપવાનો નિર્ણય કરાયો છે. એવી જ રીતે, પ્રિલિમનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવા માટે જગ્યાની અનુકૂળતા કરવા ૬ માસ સુધીમાં લીઝ એગ્રિમેન્ટ રજૂ કરવા સાથે શરતી મંજૂરી આપવાનું નક્કી કરાયું છે.



કેન્દ્ર સરકારે તાજેતરમાં એક નોટીફીકેશન જાહેર કર્યું હતું. જેના અનુસંધાને રાજ્ય સરકારને કાર્યવાહી હાથ ધરવાની થતી હતી. જે ગુજરાત સરકારે પૂરી કરી લીધી છે અને કેન્દ્ર સરકારની જોગવાઈઓને સંપૂર્ણપણે લાગુ કરી PPP મોડલ આધારિત નવી પોલીસી જાહેર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

વાહન વ્યવહાર મંત્રી પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, (૧) રાજ્યમાં વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે PPP ધોરણે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન સ્થાપવા માટે તમામ અરજદારોને સમાન તક આપવામાં આવશે. (૨) કેન્દ્રના ધારાધોરણ મુજબની લાયકાતો પરિપૂર્ણ કરતાં તમામને સ્ટેશનો સ્થાપવાની મંજૂરી આપવામાં આવશે અને (૩) એક અરજદાર વધુમાં વધુ ૧૦ સ્ટેશન સ્થાપી શકશે. (૪) અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત સરકારે ઉદાર અભિગમ દાખવી ટેસ્ટિંગની સંપૂર્ણ ફી સ્ટેશનનાં સંચાલકને જ આપવાનો નિર્ણય કર્યો છે. (૫) સ્ટેશન સ્થાપવા માટે અરજદારોની વ્યથાને સમજી પ્રિલિમનરી રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવા માટે જગ્યાની અનુકૂળતા કરવા ૬ માસ સુધીમાં લીઝ એગ્રીમેન્ટ રજૂ કરવાની શરતી મંજૂરી આપવાનો અભિગમ રાજ્ય સરકારે દાખવ્યો છે (૬) ટેસ્ટિંગ સ્ટેશન પર ટેસ્ટનાં બુકિંગ અને ફી સહિતની તમામ પ્રક્રિયા કેન્દ્ર સરકારની જોગવાઈઓ મુજબ ઓનલાઈન તેમજ નજીકનાં આર.ટી.ઓ-એ.આર.ટી.ઓ.ની દેખરેખ હેઠળ રહેશે.

મંત્રીએ કહ્યું કે, ફિટનેસ સ્ટેશન પરથી થયેલ ફિટનેસ પ્રત્યે જો નાગરિકોને કોઈ અસંતોષ હોય તો વાહન માલિક જે તે રીજીયનની RTO-ARTO કચેરીને અપીલ કરી શકશે અને સંપૂર્ણ પારદર્શી પ્રક્રિયા સાથે અરજદારને આ સુવિધા મળી રહેશે. રાજ્ય સરકાર દ્વારા પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઇસ્યુ થયાના ૧૨ માસના સમયગાળામાં ઓટોમેટેડ ફિટનેશ સ્ટેશન કાર્યરત કરવાનુ રહેશે. આ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન પર કામગીરી હેવી ગુડઝ વ્હીકલ અને હેવી પેસેન્જર વ્હીકલ માટે ૧લી એપ્રિલ-૨૦૨૩થી તેમજ મીડીયમ ગુડ્ઝ, મીડીયમ પેસેન્જર અને લાઈટ મોટર વ્હીકલ માટે ૧લી જૂન-૨૦૨૪થી શરુ થશે.

### દર છ મહિને કેન્દ્રની એજન્સી ઓડિટ કરશે

ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન શરૂ કરવા કેન્દ્ર સરકાર દ્વારા જે જોગવાઈ કરાઈ છે, તે મુજબ જરૂરી માળખાકીય સવલતો, અતિ આધુનિક સાધનોનાં સ્પેસીફીકેશન દ્વારા ફિટનેસની કામગીરી અને થનાર ટેસ્ટનાં ધારાધોરણ, સેન્ટર ચલાવવા માટે યોગ્ય લાયકાત ધરાવતો સ્ટાફ, સમગ્ર ફિટનેસની ઓનલાઇન પારદર્શી કાર્યપદ્ધતિ, સેન્ટરની સ્થાપના માટેના દસ્તાવેજો, ફી અને કાર્યપધ્ધતિ, સેન્ટરની કામગીરી પ્રત્યે અસંતોષના કિસ્સામાં અપીલની જોગવાઇ તેમજ લાંબાગાળા સુધી પારદર્શી પ્રક્રિયા જળવાઇ રહે તે માટે દર છ માસે કેન્દ્ર સરકારની માન્ય એજન્સીઓ દ્વારા ઓડિટ કરવામાં આવશે.